# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 17-08-2024 Midday : 1.20 to 1.30

Day : Saturday National News

## આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

- ✓ પ્રધાનમંત્રીએ વૉઈસ ઑફ ગ્લૉબલ સાઉથ શિખર સંમેલનને સંબોધતા ગ્લોબલ સાઉથના દેશોને એક થઈ અવાજ ઉઠાવવા આહ્વાન કર્યું.
- ✓ કોલકાતામાં મહિલા તબીબ સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આજે દેશભરમાં તબીબોની હડતાળ. – બિહારમાં આરોગ્ય સુવિધાઓ અસરગ્રસ્ત.
- ✓ વારાણસીથી અમદાવાદ જતી સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના 22 ડબ્બા ખડી પડ્યાં – રાહત અને બચાવ કાર્ય શરૂ.
- ✓ કર્ણાટકના રાજ્યપાલે મૈસૂરુ શહેરી વિકાસ સત્તામંડળની સાઇટ ફાળવણી કૌભાંડ મામલે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી.
- ✓ સંયુક્ત આરબ અમીરાતમાં ભારતીય નાગરિકો UPIથી રૂપિયામાં ચૂકવણી કરી શકશે.
- ✓ પેરિસમાં આગામી 28મી ઓગસ્ટથી આઠમી સપ્ટેમ્બર સુધી પેરાલિમ્પિક્સ રમત યોજાશે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM GLOBAL SOUTH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગ્લૉબલ સાઉથના દેશને એક થઈને અવાજ ઊઠાવવાનું આહ્વાન કર્યું છે. પ્રધાનમંત્રીએ આજે ત્રીજા વૉઇસ ઑફ ગ્લૉબલ સાઉથ વર્ચ્યૂઅલ સંમેલનમાં સંબોધન કરતાં ગ્લૉબલ સાઉથના દેશની સાથે સહયોગ પ્રત્યે ભારતની દ્રઢ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. શ્રી મોદીએ વેપાર, સર્વસમાવેશક વિકાસ, સતત વિકાસના લક્ષ્યાંકમાં પ્રગતિ તેમ જ મહિલાઓના નેતૃત્વમાં વિકાસને પ્રોત્સાહન આપવા અંગે ભારતની વચનબદ્ધતાનો પણ પુનઃરોચ્ચાર કર્યો હતો.

સર્વસમાવેશક વિકાસમાં ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર –DPIની ભૂમિકાનો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું, ભારતની અધ્યક્ષતામાં યોજાયેલી જી-20 સમિટમાં વૈશ્વિક DPI ડિપોઝિટરીની રચના આ સંદર્ભમાં સર્વસંમતિનું પ્રતીક છેતેમણે કહ્યું કે ., ભારતે ગ્લોબલ સાઉથમાં ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આગળ વધારવા સામાજિક ભંડોળની સ્થાપના કરી છે શ્રી .મોદીએ ઉંમેર્યું, ભારત આ ભંડોળમાં 50 લાખ ડૉલરનું પ્રારંભિક યોગદાન આપશે.

દરમિયાન પ્રધાનમંત્રીએ અનિશ્ચિતતાપૂર્ણ અને પડકારજનક વર્તમાન વૈશ્વિક માહોલ અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું, વિશ્વ હજી પણ કોવિડની

અસરથી પીડાઈ રહ્યું છે અને યુદ્ધે ગ્લોબલ સાઉથ દેશોની વિકાસયાત્રાને વધુ જટિલ બનાવી દીધી છે.

# DOCTORS STRIKE

કોલકાતામાં મહિલા તબીબ સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આજે દેશની સાથે વિવિધ રાજ્યોમાં તબીબો હડતાળ કરી રહ્યા છે.

ગુજરાતમાં અમદાવાદ મેડિકલ એસોસિએસન દ્વારા ગઈકાલે પત્રકાર પરિષદ યોજીને આ હડતાળની જાહેરાત કરવામાં આવી હતી. જે અંતગર્ત આજે સવારે છ વાગ્યાથી લઇને આવતીકાલે સવારે ૬ વાગ્યા સુધી ઓપીડી તેમજ તમામ તબીબી પ્રક્રિયાથી તબીબો અળગા રહેશે. જ્યારે અમદાવાદમાં સાતસો તબીબો રેલી યોજીને પોતાનો વિરોધ વ્યક્ત કરશે. કોલકતાની ઘટનામાં દોષિતો સામે કડક કાર્યવાહી અને ન્યાય તેમજ તબીબોની સલામતીની માંગણી સાથે આ હડતાળ કરવામાં આવી રહી છે.

# BIHAR DOCTORS STRIKE

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન – IMAની દેશવ્યાપી હડતાળના કારણે બિહારમાં આરોગ્ય સુવિધાઓ ગંભીર રીતે અસરગ્રસ્ત થઈ છે . કોલકાતા આરોગ્ય મહાવિદ્યાલય અને હૉસ્પિટલની ઘટનાને લઈ સરકારી અને ખાનગી હૉસ્પિટલમાં આરોગ્યકર્મીઓની હડતાળના કારણે આરોગ્યની .સુવિધાઓને અસર થઈ છે

રાજ્ય મેડિકલ કૉલેજના જૂનિયર અને સ્થાનિક તબીબ કાર્યસ્થળ પર આરોગ્યકર્મીઓની સલામતી મામલે હડતાળ પર છેજ્યારે પટના . આરોગ્ય મહાવિદ્યાલય તેમ જ હૉસ્પિટલ, નાલંદા આરોગ્ય મહાવિદ્યાલય, હૉસ્પિટલ અને ઇન્દિરા ગાંધી આરોગ્ય વિજ્ઞાન સંસ્થાન, પટનામાં ઇમરજન્સી અને ઓપીડી સુવિધાઓ બંધ હોવાથી દર્દીઓને હાલાકી ભોગવવી પડી રહી છે.

# TRAIN DERAILMENT

ઉત્તરપ્રદેશના કાનપુર જિલ્લામાં આજે સાબરમતી એક્સપ્રેસ પેસેન્જર ટ્રેનના બૉર્ડ કરી ડબ્બા પાટા પરથી ખળી પડ્યા હોવાની પુષ્ટી રેલવે 22 કાનપુર સ્ટેશન પાસે રાત્રે અઢી વાગ્યાની આસપાસ આ દુર્ઘટના .છે સતર્કતા બ્યૂરો અને .સર્જાઈ હતીરેલવે અધિકારીઓ આ ઘટનાની તપાસ કરી રહ્યા છેજોકે ., અત્યાર સુધી જાનમાલ કે નુકસાનના કોઈ સમાચાર - નથી, પરંતુ ટ્રેનની અવરજવરને અસર થઈ છેરેલવેએ પ્રવાસીઓને . .દ પહોંચાડવા માટે વૈકલ્પિક ટ્રેનની પણ વ્યવસ્થા કરી છેઅમદાવા

વારાણસીથી અમદાવાદ જઈ રહેલી સાબરમતી એક્સપ્રેસ રાત્રે ગોવિંદપુરી પાસે પહોંચતાં પાટા પરથી ઉતરી ગઈ હતીઘટનાની જાણ . થતાં જ રેલવે, પોલીસ અને અગ્નિશમન દળના ઉચ્ચ અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચી રાહત અને બચાવકાર્ય શરૂ કર્યું છે. કેન્દ્રીય રેલવે

મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, એન્જિન પથ્થર સાથે ટકરાતા આ દુર્ઘટના સર્જાઈ છે .

જિલ્લા અધિકારી રાકેશ કુમારે જણાવ્યું, આ દુર્ઘટનામાં કેટલાક પ્રવાસીઓને સામાન્ય ઇજા પહોંચી હતીજોકે ., ગંભીર રીતે કોઈ ઈજાગ્રસ્ત નથી થયા .

# GOPINATH INDIAN ECONOMY

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ IMFના પ્રથમ નાયબ વડાં ડૉ ગીતા ગોપીનાથે ગત નાણાકીય વર્ષ દરમિયાન દેશની વૃદ્ધિ અપેક્ષા કરતા ઘણી સારી રહી હોવાનું કહ્યું છે તેમણે .વર્ષ 2027 સુધીમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની અપેક્ષા હોવાનું પણ જણાવ્યું હતું .

તેમણે દેશમાં આગામી 5-6 વર્ષમાં લાખો વધારાની નોકરીઓ ઊભી કરવાની જરૂર હોવાનો ઉલ્લેખ કર્યો હતોઆંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ . ખાનગીઉપયોગમાં પુનઃપ્રાપ્તિ અને લણણીમાં વધારો કરવા અનુકૂળ ચોમાસાની અપેક્ષા રાખતું હોવાનું પણ તેમણે કહ્યું હતું .

# KARNATAKA - MUDA SCAM

કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે આજે મૈસૂર શહેરી વિકાસ સત્તામંડળ -મુડાની સાઇટ ફાળવણી કૌભાંડ મામલે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી છેઆ મંજૂરી ટી જે અબ્રાહમ ., પ્રદીપ અને સ્નેહામયી કૃષ્ણા દ્વારા દાખલ કરાયેલી ત્રણ અરજી પર આધારિત છે .

અગાઉ મી26 જુલાઈએ રાજ્યપાલ શ્રી ગેહલોતે શ્રી સિદ્ધારમૈયાને કારણ દર્શાવો નોટિસ જાહેર કરી હતી, જેમાં તેમને શા માટે કાર્યવાહીનો સામનો કરવો ન જોઈએ તેનો સાત દિવસમાં જવાબ આપવા કહ્યું હતું . જવાબમાં, કર્ણાટક મંત્રીમંડળે રાજ્યપાલ ઉપર તેમની બંધારણીય ભૂમિકાનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવીને મુખ્યમંત્રીને અપાયેલી નોટિસ પરત ખેંચી લેવા ભલામણ કરી હતી .

શ્રી સિદ્ધારમૈયા ઉપર તેમના પરિવાર માટે ગેરકાયદેસર રીતે 55 લાખ રૂપિયાની મુડાની 8 કરોડ વૈકલ્પિક જમીન મેળવવાનો આરોપ છે .

# UAE UPI PAYMENTS

સંયુક્ત આરબ અમીરાત – UAEમાં ભારતીય નાગરિક યુનિફાઈડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ - UPIના માધ્યમથી રૂપિયામાં ચૂકવણી કરી શકશે . UAEમાં સ્થાનિક બજાર ચલાવતી મોટી કંપની લુલુએ પોતાની તમામ સ્ટોરમાં UPIથી ચૂકવણી કરવાના વિકલ્પને શરૂ કરી દીધો છેહવે . ભારતીય નાગરિકો ભારતની જેમ અહીં પણUPIથી ચૂકવણી કરી શકશે .

જુલાઈ મહિનાની શરૂઆતમાં UAEમાં UPIથી ચૂકવણીનો પ્રારંભ કરાયો હતો લુલુ સિવાય .UAEના અનેક મોટા અને નાના ઉદ્યોગકારો પણ UPIથી રકમ સ્વીકારી રહ્યા છે .UAEમાં ભારતીય નાગરિકો અને બિન- નિવાસી ભારતીયો પૉઇન્ટ ઑફ સેલ– POS મશીનથી ક્યૂઆર કોડની મદદથી ચૂકવણી કરી શકે છે .UPIનું સંચાલન કરતા એકમ નેશનલ પેમેન્ટ કૉ ઑપરેશન ઑફ ઇન્ડિયા-– NPCIએ જણાવ્યું કે, આ વર્ષે ખાડી સહયોગ પરિષદમાં ભારતીય પ્રવાસીઓનો આંકડો લાખ સુધી 98 .પહોંચવાનું અનુમાન છે

# JAMMU KASHMIR ELECTION

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી ત્રણ તબક્કામાં યોજાશે. ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા 20મી ઓગસ્ટે શરૂ થશે. જ્યારે 4 ઑક્ટોબરે પરિણામ જાહેર થશે. જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં કુલ 90 બેઠક છે.

પહેલા તબક્કા અંતર્ગત 24 બેઠક માટે 18 સપ્ટેમ્બરે પુલવામા, અનંતનાગ, શોપિયાં, કુલગામ, રામબન, કિશ્તવાડ અને ડોડા જિલ્લામાં ચૂંટણી યોજાશે. જ્યારે બીજા તબક્કા અંતર્ગત ગાંદરબલ, શ્રીનગર, બડગામ, પુંછ, રિયાસી અને રાજૌરી જિલ્લામાં 25 સપ્ટેમ્બરે મતદાન થશે.

છેલ્લા તબક્કામાં 40 બેઠક માટે બાંદીપોરા, કુપવાડા, બારામૂલા, ઉધમપુર, જમ્મુ, સાંબા અને કઠુઆ જિલ્લામાં પહેલી ઑક્ટોબર મતદાન થશે.

આ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ, નેશનલ કોન્ફરન્સ, પીડીપી, ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ આઝાદ પાર્ટી અને સીપીઆઈએમ પાર્ટી સહિતના તમામ રાજકીય દળ તેમ જ સામાન્ય લોકોએ આ નિર્ણયનું સ્વાગત કર્યું છેસામાન્ય 74 થીવિધાનસભા બેઠકમાં 90 કાશ્મીરમાં-જમ્મુ . વર્ગ, સાત અનુસૂચિત જાતિ અને નવ અનુસૂચિત જનજાતિ માટે અનામત છે .

# BANGLADESH PRESIDENT OATH

બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શાહબુદ્દીને બંગ ભવનમાં ગઈકાલે વચગાળાની સરકારના વધુ ચાર સલાહકારને શપથગ્રહણ કરાવ્યા હતા. આ સલાહકારોમાં અર્થશાસ્ત્રી વાહિદુદ્દીન મહમુદ, પૂર્વ સચિવ મોહમ્મદ ફઝુલ કબીર ખાન, પૂર્વ કેબિનેટ સચીવ અલી ઈમામ મજૂમદાર અને બાંગ્લાદેશ રાઈફલ્સના પૂર્વ મહાનિદેશક લેફ્ટનન્ટ જનરલ જહાંગીર આલમ ચૌધરી સામેલ છે.

આ પ્રસંગે વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર પ્રોફેસર મોહમ્મદ યુનુસ અને અન્ય સલાહકારો તેમ જ ત્રણેય સેનાના પ્રમુખ ઉપસ્થિત રહ્યા

હતા. આ સાથે પ્રૉફેસર યુનુસના નેતૃત્વવાળી વચગાળાની સરકારમાં હવે સલાહકાર પરિષદના સભ્યોની સંખ્યા 21 થઈ છે.

# PARIS-PARALYMPICS

પેરિસમાં આગામી મી ઓગસ્ટથ28ીમી સપ્ટેમ્બર સુધી 8 પેરાલિમ્પિક્સ રમત યોજાશે, જેના ઉદ્ઘાટન સમારોહમાં ટોક્યો પેરાલિમ્પિક્સના સુવર્ણ ચંદ્રક વિજેતા સુમિત એન્ટિલ અને શોટપુટ સ્ટાર - ભાગ્યશ્રી જાધવ ભારતીય દળનાધ્વજારોહક રહશે આ વર્ષે . 84 ખેલાડીનું સૌથી મોટું દળ પેરિસ પેરાલિમ્પિક્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે .

ઉલ્લેખનીય છે કે, આ વર્ષના ભારતના ધ્વજારોહક સુમિત પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં F- 64શ્રેણીમાં પેરાલિમ્પિક્સ ચેમ્પિયન છેતો . ની2022 ભાગ્યશ્રીએ એશિયન પેરાગેમ્સમાં શોટ પુટ F- 34શ્રેણીમાં રજત ચંદ્રક જીત્યો હતો અને ટોક્યો પેરાલિમ્પિક્સમાં સાતમું સ્થાન મેળવ્યું હતું . એથ્લેટિક્સ વર્લ્ડ -ભાગ્યશ્રીએ આ વર્ષે મે મહિનામાં યોજાયેલા પેરા ચેમ્પિયનશિપમાં મહિલા શોટ પુટF- માં34 પણ રજત ચંદ્રક જીત્યો હતો.